R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February

નાપા - નડિયાદ - પાદરા દિશાવાળ સમાજનું અગ્રણી મુખપત્ર

ગુજરાતનો સમૃધ્ધ વૈશ્વિક ઉચ્ચ જ્ઞાતિનો સનાતન પરિવાર


# સદ્‌ગુણ જયતે


ત્રિમાસિક

સનાતન સદ્કર્મ સંસ્કાર સાહસ સમજુતી સંબંધ

SADGUN JAYATE (QUARTERLY)



Editor: KAUSHAL JAYANTILAL SHAH

Mobile : 88668 83883



Yr: 04 ● Iss. : 01 ● Cont. Issue: 13 ● May 25, 2025 ● Page: 04 ● Price : Rs. 5-00 ● Annual Sub. : Rs.20/-

Off. : Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad - 6


## હવે અમારી સાથે કેમ શ્રીઠાકોરજી બોલતા નથી ?

આપણે શ્રીઠાકોરજીની સામે ફરિયાદ કરીએ છીએ કે ૮૪ વૈષ્ણવ / ૨૫૨ વૈષ્ણવ સાથે શ્રીઠાકોરજી બોલતા હતા, અને હવે અમારી સાથે કેમ બોલતા નથી? શ્રીઠાકોરજીની આપણા માટે પણ એક ફરિયાદ છે કે 'મારો આ સેવક મૂંગો એમની સામે મોઢું હસતું રાખ્યા વિના, ભારેખમ બનીને, બોલ્યા વિના, આડું જોઈને ચાનો કપ એમની સામે સરકાવી દેજો. એ ઘરમાં હોય ત્યાં સુધી એમની સાથે બોલવાનું ટાળજો. જુઓ, એનું શું પરિણામ આવે છે! એ પણ કહેશે કે 'તમે આવી રીતે મૌન ધારણ કરો, તો અમે શું કરવા તમારી સાથે બોલીએ?'

લૌકિકમાં એક કવિએ બહુ મજાનું કહ્યું : "આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ; એ ઘર કદી ન જઈએ, ચાહે કંચન વરસે મેહ." સોનાનો વરસાદ વરસતો હોય તોયે જે ઘરમાં આપણને આવકાર ન મળે, માન ન મળે, નેત્રોનો પ્રેમ ન મળે એ ઘરમાં ફરીથી પગ ન મૂકીએ. એટલા માટે અહીં શ્રીઠાકોરજી પણ આપણી ફરિયાદ કરે છે કે આ ઘરમાં હું આવ્યો, પણ મને કોઈ 'આવ' એટલું કહેતું નથી. મને કોઈ પ્રેમથી નથી કહેતું કે 'આરોગો'. નથી કોઈ પ્રેમથી



પૂછતું કે તમને કંઈ ફરિયાદ છે? કે 'તમને કંઈ તકલીફ છે?' શ્રીઠાકોરજી પણ મૂંગા મૂંગા, શ્રીમહાપ્રભુજીની કાનિથી અંગીકાર કરીને ચૂપ રહે છે.

તમે રોજ શૃંગાર કરીને શ્રીઠાકોરજીને વેણુ ધરતાં હશો, દર્પણ બતાવતાં હશો. વેણુજી ધરો ત્યારે શ્રીઠાકોરજી વેણુ વગાડતાયે હશે, પણ એનો નાદ શ્રીઠાકોરજીએ તમને સંભળાવ્યો ખરો? ન સંભળાવ્યો, તો કદી તમને સાંભળવાનું મન થયું ખરું ? તમે કદી શ્રીઠાકોરજીને એવી વિનંતી કરી કે 'મહારાજ, રોજ રોજ આ ઠાલી વેણુ શ્રીહસ્તમાં ધારણ કરી રાખો છો, પણ એનો સૂર અમને તો સંભળાવો!" આપણી વિનંતી ન સ્વીકારી, તો ક્યારેય એમનાં ચરણોમાં અપણે રડ્યાં ખરાં, કે 'તમારો આ વેણુનાદ અમને ક્યારે સંભળાવશો?" આપણને તો એવું શીખવાડ્યું કે શૃંગાર ધરીને શ્રીહસ્તમાં વેણુ ધરી દેવાં, દર્પણ બતાવી દેવું - ચાલો, શૃંગારની સેવા પૂરી થઈ!

શ્રીઠાકોરજીને પ્રેમથી વિનંતી કરો, આપણો એ અધિકાર છે. ઝઘડો કરવો પડે તો ઝઘડો કરો - પ્રેમમાં ઝઘડો થઈ જાય તો વાંધો નહિ : 'કાલે જો વેણુજીનો નાદ નહી સંભળાવો તો પછી હું વેણુંજી ધરવાનો નથી, ચોરી લઈશ તમારી આ મોરલી પછી શું વગાડશો? પણ એ માટે હૃદયમાં આતુરતા જોઈએને? એ માટે બુદ્ધિની દ્રઢતા જોઈએ, મન બરોબર પ્રભુમાં લગાડેલું રાખવું જોઈએ.



# શાસ્ત્રોએ વર્ણવેલી ચોસઠ પ્રકારની કળાઓ

કલા એટલે અદભુત શક્તિ. સ્વભાવાનુંકૂળ આ શક્તિઓ સાધ્ય કરી શકાય છે પણ દેવની કૃપા હોવી તે પ્રાધાન્ય છે.

મનુષ્યનું શરીર તે અધિષ્ઠાન કહેવાય; સ્વભાવગત અહંકાર તે કર્તા છે; પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન અને બુદ્ધિ એ કારણો (સાધનો) છે; ખરેખર તો પ્રાણની ચેષ્ટાઓ અને પાંચમું દૈવ મળીને કાર્યની સિધ્ધિ થાય છે. (ગીતાઃ)

શાસ્ત્રોએ ચોસઠ પ્રકારની કલાઓ કહેલી છે. વિશ્વકર્મા પુરાણઃ

૧ મણિભૂમિકા કર્મ (ઋતુ અનુસાર ઘર બનાવવું)
૨ તક્ષણ (સુથાર તથા કડીયાનું કામ)
૩ સ્થાપત્ય (વાસ્તુ વિદ્યા)
૪ કર્ણપત્રભંગ (આભૂષણો બનાવવા)
૫ ભૂષણ-યોજના (વિવિધ આભૂષણોનું આયોજન કરવું)
૬ રૂપ્ય-રત્ન પરીક્ષા (સોના, ચાંદી અને રત્નો પારખવા)
૭ મણિરાગ-જ્ઞાન (રત્નોના રંગ પારખવા)
૮ ધાતુવાદ (કાચી ધાતુ ગાળી યંત્રો બનાવવા)
૯ આકારજ્ઞાન (ખાણમાંથી ધાતુનું શોધન કરવું)
૧૦ વિશેષ-કચ્છેદ્ય (સંચા બનાવવા)
૧૧ ગંધયુક્તિ (સુગંધી પદાર્થો બનાવવા)
૧૨ યંત્ર-માતૃકા (યંત્ર-નિર્માણની કળા)
૧૩ આલેખ (કલ્પના અનુસાર ચીતરવું)
૧૪ પટ્ટિકા-વેત્રગણ-વિકલ્પ (દોરી કે નેતરથી રચના કરવી)
૧૫ સૂચીકર્મ (કપડાં સીવવાં)
૧૬ સૂત્રકર્મ (ભરતકામ)
૧૭ ચિત્ર શાકા પૂપભક્ષ્ય વિકાર-ક્રિયા (અનેક જાતના શાક, માલપૂંઆ વગેરે ભોજન બનાવવા)
૧૮ પાનક રસરાગાસવયોજન (અનેક પ્રકારના અર્ક, આસવ, શરબત વગેરે બનાવવા)
૧૯ તાંડુલ-કુસુમાવલિ-વિકાર (ચોખા અથવા ફૂલો વડે ચોકની રચના કરવી)
૨૦ પુષ્પાસ્તરણ (ફૂલોના તોરણ અને સેજ બનાવવા)
૨૧ દશનવસાંગરાગ (દાંતો, વસ્ત્રો અને શરીરને રંગવાના સાહિત્ય બનાવવા)
૨૨ શયનરચના (પલંગ બીછાવવો)
૨૩ ઉદાક્ઘાત (ગુલાબદાન વાપરવાની ચતુરાઈ)
૨૪ માંલ્યગ્રંથન વિકલ્પ (દેવપૂજા માટે અને શરીર શોભા માટે ફૂલોની માળાઓ બનાવવી)
૨૫ કેશ શેખરાપીડ યોજન (માથાના વાળમાં ફૂલો ગૂંથવા)
૨૬ નેપથ્ય યોગ (દેશ-કાળ અનુસાર વસ્ત્ર આભૂષણ પહેરવા)
૨૭ કૌચમાર યોગ (કદરૂપાને સુંદર બનાવવું)
૨૮ ઉત્સાહન (શરીર ચોળવું, માલીશ કરવું)
૨૯ કેશ-માર્જન (વાળમાં તેલ નાખી ઓળવાની આવડત)
૩૦ વસ્ત્ર ગોપન (કપડાંની સાચવણી)
૩૧ બાળક્રીડા-કર્મ (બાળકોની માવજત કરી તેમનું રંજન કરવું)
૩૨ ચિત્રયોગ (અવસ્થાને પરિવર્તન કરી બુઢાને જુવાન બનાવવો)
૩૩ ઈન્દ્રજાલ (જાદુના પ્રયોગો કરવા)
૩૪ હસ્તલાઘવ (હાથચાલાકીના ખેલ કરવા)
૩૫ વૃક્ષાયુર્વેદ-યોગ (વૃક્ષોના સંવર્ધનની ક્રિયા જાણવી)
૩૬ મેષ કુકકુટલાવક યુદ્ધ (ઘેટા, કુકડા અને લાવક પક્ષીઓને લડાવવા)
૩૭ શુકસારિકા-આલાપન (પોપટ અને મેનાને પઢાવવાં)
૩૮ છલીતક-યોગ (છલ કે ધૂર્તતા કરતા આવડવી)
૩૯ દ્યૂત વિશેષ (જુગાર રમવો)
૪૦ આકર્ષણ-ક્રીડા (પાસા ફેંકતા આવડવું)
૪૧ વૈજયિકી વિદ્યાજ્ઞાન (વિજય મેળવવા માટે લડાઈની તાલીમ લેવી)
૪૨ ગીત (ગાવું)
૪૩ વાદ્ય (વગાડવું)
૪૪ નૃત્ય (નાચવું)
૪૫ નાટ્ય (નાટક કરવું)
૪૬ ઉદકવાદ્ય (જલતરંગ બજાવવું)
૪૭ નાટીકાખ્યાયિકા-દર્શન (નાટક વગેરે રંગમંચ દ્રશ્યો નિર્માણ કરવા)
૪૮ પ્રહેલિકા (ગૂંચવણભર્યા પ્રશ્નો કરી પ્રતિ-સ્પર્ધીને હમ્ફાવવો)
૪૯ પ્રતિમાલા (અંત્યાક્ષરી કહેવી)
૫૦ દુર્વાચકયોગ (કઠીન પદો – શબ્દોના અર્થ સમજવા)
૫૧ પુસ્તકવાચન (સ્પષ્ટ રીતે પુસ્તક વાંચવું)
૫૨ કાવ્યસમસ્યાપૂર્તિ (કવિતામાં પૂછેલ સમસ્યાની પૂર્તિ કરવી)
૫૩ તર્કમર્મ (દલીલો કરવી)
૫૪ અક્ષરમુષ્ટિકા-કથન (કરપલ્લ્વીથી વાતો કરવી)
૫૫ મ્લેચ્છિતકલા-વિકલ્પ (વિદેશી ભાષાઓ જાણવી)
૫૬ દેશી ભાષા જ્ઞાન (દેશની પ્રાકૃત ભાષાઓ જાણવી)
૫૭ પુષ્પશકટિનિમિત્ત-જ્ઞાન (વાદળાની ગર્જના, વીજળીની દિશા વગેરે ઉપરથી વર્તારો જાણવા)
૫૮ ધારણ-માતૃકા (સ્મરણશક્તિ વધારવી)
૫૯ પાઠ્ય (કોઈનું બોલતું સાંભળી નકલ કરવી)
૬૦ માનસી કાવ્યક્રિયા (મનમાં કાવ્ય કરી શીઘ્ર બોલવાની આવડત)
૬૧ ક્રિયા-વિકલ્પ (ક્રિયાનો પ્રભાવ બદલવો)
૬૨ અભિધાન-કોશ (છંદો અને કાવ્યનું જ્ઞાન)
૬૩ વૈનાયકી વિદ્યા-જ્ઞાન (વિનયપૂર્વક વાત કરવાની આવડત)
૬૪ વૈતાલિકી વિદ્યાજ્ઞાન (રાગ, પાધ, પરખ, નાડી, ન્યાય, તરવું, તાન્તરવું, અને ચોરી કરવી – એ આઠ વિદ્યાનું જ્ઞાન)

★

# બીજી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણાન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥

જેમ માણસ જુના વસ્ત્રો ત્યજીને બીજા નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે,
તેમ જ જીવાત્મા જુનાં શરીરો ત્યજીને બીજાં નવાં શરીરો પામે છે.



અમારા પૂજ્ય પિતાશ્રી

## સ્વ. શ્રી જયંતિલાલ વાડીલાલ શાહ

તળજામંગળ પરિવાર પાદરાવાળાં
(રિટાયર્ડ શિક્ષક H.B.K. NEW HIGH SCHOOL)

જન્મ તા. ૧૪-૧૨-૧૯૩૯ શ્રીજીચરણ તા. ૦૩-૦૩-૨૦૨૩ (એકાદશી)

**પ્રભુ અરજ**

" પરમાત્મા આ આત્માને શાંતિ આપજો,
જે જીવ આપને શરણે આવ્યો છે તેને પ્રેમથી સ્વિકારજો.."
ૐ શાંતિ.... શાંતિ.... શાંતિ....

R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February



# તમે જાણો છો માળામાં ૧૦૮ મણકા જ કેમ? શું છે આ સંખ્યાનું રાઝ



પ્રાચીનકાળથી જ જપ કરવા માટે ભારતીય પૂજા ઉપાસના પદ્ધતિ એક અભિન્ન અંગ રહ્યું છે જપ કરવા માટે માળાની જરૂર હોય છે જે રુદ્રાક્ષ, તુલસી, વૈજયંતી, સ્ફટિક,મોતી અથવા નંગથી બનેલી હોય છે. અને તેમાંથી રુદ્રાક્ષની માળા ને જપ કરવા માટે સૌથી શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે કારણ કે તેમાં કીટાણુનાશક શક્તિ સિવાય વિદ્યુતય અને ચુંબકીય શક્તિ પણ જોવા મળે છે અંગેરા સ્મૃતિમાં માળા નું મહત્વ આ રીતે જણાવવામાં આવ્યું છે.

विना दमैक्षय कृत्यं सच्चदानंद विनोदकम।

असंख्यता तू यजप्रम ततसर्व निष्फल भवेत्।।

કુશ વગર અનુષ્ઠાન માળાના સંખ્યાહિન જપ નિષ્ફળ હોય છે માળામાં ૧૦૮ દાણા જ કેમ હોય છે તે વિષયમાં યોગ ચુડામણિ ઉપનીષદમાં કહેવામાં આવ્યું છે કે,

विना दमैक्षय कृत्यं सच्चदानंद विनोदकम।

असंख्यता तू यजप्रम ततसर्व निष्फल भवेत्।।

આપણા શ્વાસની સંખ્યાના આધાર ઉપર ૧૦૮ દાણા ની માળા સ્વીકૃત કરવામાં આવી છે ૨૪ કલાકમાં એક વ્યક્તિ ૨૧,૬૦૦ વખત શ્વાસ લે છે એટલે કે ૧૨ કલાક દિનચર્યામાં નીકળી જાય છે તો વધેલા ૧૨ કલાક દેવ આરાધના માટે રહે છે એટલે કે ૧૦,૮૦૦ શ્વાસનો ઉપયોગ ઈષ્ટદેવનો સ્મરણ કરવામાં પસાર કરવો જોઈએ પરંતુ એટલો સમય આપવો કોઈ પણ વ્યક્તિ માટે સંભવ હોતું નથી તેથી આ સંખ્યામાંથી અંતિમ બે શૂન્ય દૂર કરીને ૧૦૮ શ્વાસમાંથી પ્રભુ સ્મરણની માન્યતા પ્રદાન કરવામાં આવી છે.

બીજી માન્યતા અનુસાર ભારતીય ઋષિઓની કુલ ૨૭ નક્ષત્રોની શોધ પર આધારિત છે, એટલે કે પ્રત્યેક નક્ષત્રના ચાર ચરણ હોય છે એટલે તેના ગુણ ફળની સંખ્યા ૧૦૮ આવે છે જે ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે તેમાં શ્રી લગાવીને શ્રી ૧૦૮ હિન્દુ ધર્મમાં ધર્મચાર્ય જગતગુરુઓના નામના આગળ લગાવવું ખૂબ જ સન્માન પ્રદાન કરવા માટેનું સૂચક માનવામાં આવે છે.

માળાના ૧૦૮ મોતી થી એ માહિતી મળી જાય છે કે જપ કેટલી સંખ્યામાં થયો? બીજા માળાના ઉપરી ભાગમાં એક મોટો દાણો હોય છે જેને સુમેરુ કહેવામાં આવે છે તેનું વિશેષ મહત્વ માનવામાં આવે છે આમ તો માળાની ગણતરી સુમેરુથી શરૂ કરીને માળા સમાપ્તિ પર તેને ફરીથી ફેરવીને શરૂ કરીને ૧૦૮ નું ચક્ર પ્રારંભ કરવાનું વિધાન બનાવવામાં આવ્યું છે તેથી જ સુમેરુને ઓળંગી શકાતું નથી એક વખત માળા જ્યારે પૂર્ણ થઈ જાય છે ત્યારે પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરતા સુમેરુને માથાથી સ્પર્શ કરવામાં આવે છે એવું માનવામાં આવે છે કે બ્રહ્માંડમાં સુમેરુની સ્થિતિ સૌથી સર્વોચ્ચ હોય છે.

માળામાં દાણાની સંખ્યા ના મહત્વ ઉપર શિવપુરાણમાં કહેવામાં આવ્યું છે કે,

पद्शतानि दिवारात्रि सहस्त्राण्येकं विंशति।

एतत् संख्यान्तिंत मंत्र जीवो जपति सर्वदा।।

૧૦૮ દાણાની માળા સર્વશ્રેષ્ઠ ૧૦૦-૧૦૦ ની શ્રેષ્ઠ તથા ૫૦ દાણા ની મધ્યમ હોય છે.

શિવપુરાણમાં જ તેના પૂર્વ શ્લોક ૨૮માં માળા જપ કરવાના સંબંધમાં જણાવવામાં આવ્યું છે કે અંગૂઠાથી જપ કરો તો મોક્ષ તર્જનીતિ શત્રુનાથ મધ્ય આંગળીથી ધન પ્રાપ્તિ અને અનામિકા આંગળીથી શાંતિ મળે છે.

ત્રીજી માન્યતા અનુસાર જ્યોતિષશાસ્ત્ર અનુસાર સમસ્ત બ્રહ્માંડને ૧૨ ભાગમાં વિભાજીત કરવામાં આવ્યા છે અને આ ૧૨ ભાગોને રાશિની સંખ્યા આપવામાં આવી છે આપણા શાસ્ત્રમાં પ્રમુખ રૂપે નવ ગ્રહ હોય છે એ જ પ્રકારે ૧૨ રાશિ અને નવ ગ્રહનું ગુણનફળ ૧૦૮ આવે છે અને આ સંખ્યા સંપૂર્ણ વિશ્વનું પ્રતિનિધિત્વ કરનાર સિદ્ધ થાય છે.

ચોથી માન્યતા અનુસાર સૂર્ય ઉપર આધારિત છે એક વર્ષમાં સૂર્ય ૨૧,૬૦૦ કળા બદલે છે એટલે કે સૂર્ય દર છ મહિને ઉતરાયણ અને દક્ષિણ આયન માં રહે છે તો આ પ્રકારે છ મહિનામાં સૂર્યની કુલ કલા ૧,૮,૦૦૦ જોવા મળે છે આમ અંતિમ ત્રણ શૂન્ય દૂર કરવાથી ૧૦૮ અંકની સંખ્યા મળે છે તેથી જ માળા જપવા માટે ૧૦૮ દાણા સૂર્યની એક એક કળાઓનું પ્રતીક છે.

★

"સદ્ગુણ જયતે" ત્રિમાસિકમાં છપાયેલા સમાચારો, લેખો, રચનાઓ અને ફોટોગ્રાફ વગેરે સાથે તંત્રીનું સહમત હોવું જરૂરી નથી.

• Printer, Publisher & Owned by •
Kaushal Jayantilal Shah, and

• Printed at Shri Ganesh Offset,
A/6, Subh Labh Estate, Tavdipura,
Dudheshwar, Ahmedabad 380 004, and

• Published from •
Shree Shakti Management, Lower Ground Floor,
Shop No. 20, Center Point, Panchvati Cross Road,
C.G. Road, Ahmedabad- 380 006
• Editor : Kaushal Jayantilal Shah

To,

BOOK-POST